## જન્મદિને વધામણી



હસમુખભાઈ પી બગથરીયા
મો. ૯૮૨૪૨ ૫૬૪૯૮



વિશ્વરાજસિંહ રાજેશસિંહ રાઠોડ
મો. ૯૯૭૪૮ ૭૦૬૧૫



કીર્તિરાજ એમ પરમાર
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫

**૨૭-૧-૨૦૧૬**



અરુણકુમાર ભુલારામ રાવલ
મો. ૭૫૬૭૨ ૦૮૩૬૯



રમેશભાઈ બી પાઠક
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ
સમાજસેવા ટ્રસ્ટ

### શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનો વિદ્યાર્થી ટૅલેન્ટ ઉત્સવ

# યાહૂ-૨૦૧૬ : સ્ત્રી સશક્તિકરણની મિસાલ

(તસવીર : કુંતલ નિમાવત









## કાર્યક્રમના અંતે પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત સન્માન કાર્યક્રમ સલામને લાયક : પ્રિન્સિપાલથી માંડીને પ્યુન સુધી સૌને સન્માનાયાં

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૩ ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ 'યાહૂ' શિર્ષક તળે ફન ફૅર તેમજ ઈન્ટર ક્લાસ કૉમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પ્રતિ વર્ષની જેમ અનન્ય ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અલબત્ત, 'યાહૂ-૨૦૧૬'માં છોકરીઓનો દબદબો રહ્યો હતો.

તા. ૨૩ તથા ૨૪ એમ બે દિવસ માટે આ કલા મહોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ પાંચ જૂથોમાં વહેંચાઈને ડાન્સ, ચોઈસ ઈવેન્ટ, કલ્ચરલ ઈવેન્ટ તથા ઍન્કરીંગ જેવી કલા કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

કાર્યક્રમની શરૂઆત તા. ૨૩ના રોજ કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા અને અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. તા. ૨૩ના રોજ હાયર સૅકન્ડરી શાળઆમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કાઉન્ટર સ્ટ્રાઈક, વન મિનિટ શો, બિન્દી સ્ટીકીંગ, દુપટ્ટા ફોલ્ડીંગ, મ્યુઝીકલ ચૅર અને સાયકોલૉજીકલ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

'યાહૂ-૨૦૧૬' ફન ફૅરનું ઉદ્‌ઘાટન ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર પ્રૉ. ડી ટી કાપડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. મેયરે આ પ્રસંગે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, 'સમાજને બદલવા માટે સ્ત્રી સશક્તિકરણ ખૂબ જરૂરી છે અને કૉલેજના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને જોઈને આનંદ થાય છે.'

કાર્યક્રમ દરમ્યાન 'રોમાન્સ કૉમ્પ્લીકેટેડ' ગુજરાતી મૂવીના કલાકાર મલ્હાર પંડ્યા અને દિવ્યા મિશ્રાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ મૂવીનું દિગ્દર્શન કૉલેજના પૂર્વ વિદ્યાર્થી ધ્વનિ ગૌતમ દ્વારા કરવામાં આવ્યું હતું, જેણે આ પ્રસંગે મૂવી તથા કૉલેજનાં સંસ્મરણો વિદ્યાર્થીઓ સમક્ષ વાગોળ્યા હતા. એ ઉપરાંત રૅડિયો મિર્ચીના ખ્યાત 'જીગા-બકા'ની જોડી પૈકી બકો ઉર્ફે ગાંધીનગરનો યુવા કલાકાર મૌલિક નાયક પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો હતો અને તેણે પોતાની ફૅવરીટ સ્ટાઈલમાં વિદ્યાર્થીઓનો સંબોધી મનોરંજન કરાવ્યું હતું.

યાહૂના બે દિવસો દરમ્યાન યંગીસ્તાન, રોયલ કિંગ્સ, શૌર્ય, સનરાઈઝર્સ અને સ્પાર્ટન્સ ઍમ પાંચ ગૃપ દ્વારા ઍન્કરીંગ ઉપરાંત કલ્ચરલ ડાન્સ, રેટ્રો થીમ ડાન્સ અને ગોટ ટૅલેન્ટ અંતર્ગત કૃતિઓની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ઊડીને આંખે વળગે એવી કોઈ બાબત હોય તો તે હતી વિદ્યાર્થીનીઓની એટલે કે યુવતિઓની સક્રિયતા. પરફોર્મર્સમાં તો યુવતિઓની સંખ્યા વધારે હતી જ, પરંતુ વિવિધ પરફોર્મન્સ આપવામાંય યુવકો કરતાં યુવતિઓએ વધુ સક્રિયતા, સૂઝ અને સુગ્રથન દાખવ્યું હતું.

યાહૂના અંત ભાગમાં કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે સલામને લાયક રહ્યું હતું. પૂર્વ વિદ્યાર્થીઓએ કૉલેજના પ્રિન્સિપાલથી માંડીને પ્યૂન સુધીના સૌ પરિવારજનોને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા, જે કારણે કાર્યક્રમમાં લાગણીસભર દશ્યો સર્જાયાં હતાં અને આ ઉપક્રમને ખૂબ પ્રશસ્તિ પ્રાપ્ત થઈ હતી.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સાગર દેસાઈ, કશ્યપ નિમાવત, મીતાબેન સુથાર, હાર્દિકા શુક્લ, હસમુખ મૅકવાન, સંજય થોરાત, શ્વેતા કોઠારી અને કુંતલ નિમાવતે પોતાની સેવાઓ આપી હતી.

### 'યાહૂ-૨૦૧૬'નાં પરિણામો

**કલ્ચરલ ડાન્સ**
યંગીસ્તાન, રૉલય કિંગ્સ, સનરાઈઝર્સ

**રેટ્રો થીમ ડાન્સ**
રૉયલ કિંગ્સ, શૌર્ય, સનરાઈઝર્સ,

**એએપીસીસી ગોટ ટેલેન્ટ**
રૉયલ કિંગ્સ, શૌર્ય, સ્પાર્ટન્સ

**ઍન્કરીંગ**
રૉયલ કિંગ્સ, શૌર્ય, સ્પાર્ટન્સ

**ઓવરઑલ**
રૉયલ કિંગ્સ, શૌર્ય, સનરાઈઝર્સ

## ગાંધીનગર સાહિત્ય સભાના ધ્વનિલ પારેખને અભિનંદન

ગાંધીનગર, તા. ૨૫

યુવા કવિ, નાટકકાર, વિવેચક અને ગાંધીનગર સમાચારના કટાર લેખક ધ્વનિલ પારેખની રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે રાઈટર્સ ઈન રેસીડન્સ પ્રોગ્રામ હેઠળ પસંદગી થતાં સાહિત્યકારોની બનેલી શહેરની સંસ્થા ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તેમને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

સભાના પ્રમુખ ભરત કવિ, સુરેશ ભટ્ટ, નટવરભાઈ હેડાઉ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, મહેન્દ્ર રાઠોડ તથા કારોબારી સભ્યો તરફથી ધ્વનિલ પારેખને બિરદાવી તેમની આ સિદ્ધિ માટે હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે માર્ચ મહિનામાં યોજાનારા આ પ્રોગ્રામમાં ધ્વનિલ પારેખની સમગ્ર ગુજરાતમાંથી યુવા સર્જક તરીકે એક માત્ર પસંદગી થઈ છે. રાષ્ટપતિભવન ખાતે ૧૪ દિવસના આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી ૧૪ સર્જકોની પસંદગી થઈ છે.

ધ્વનિલ પારેખ ત્યાં રહીને એક નાટકનું લેખન કરશે અને ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓ વિશે રજૂઆત કરશે.

## શ્રી સમસ્ત વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો ૨૭ માર્ચના રોજ યોજાશે

**આ મેળો તા. ૨૭ જાન્યુઆરીના રોજ યોજાવા અંગેના સમાચાર પ્રકાશિત થયા હતા, જે સુધારીને વાંચવા સમાજજનોને વિનંતી**

ગાંધીનગર, તા. ૨૫

શ્રી સમસ્ત વણકર સમાજ, વેજલપુર દ્વારા આગામી તા. ૨૭ જાન્યુઆરી ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે નરોત્તમ ઝવેરી હોલ, સંસ્કાર કેન્દ્ર પાસે, પાલડી, અમદાવાદ ખાતે વણકર સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હોવાના સમાચાર તા. ૨૫ના ગાંધીનગર સમાચારમાં પ્રકાશિત થયા હતા, જેમાં સુધારો છે.

સદર કાર્યક્રમ તા. ૨૭ જાન્યુઆરીના રોજ યોજવામાં આવ્યો છે, જેની સૌ સમાજજનોને નોંધ લેવા આ અંગેની એક અખબારી યાદીમાં ટી વી મકવાણા દ્વારા અપીલ કરવામાં આવી છે.

સદર પસંદગી મેળાનાં ફોર્મ ત્રિભોવન વી મકવાણા, પ્લૉટ નં. ૭૧/૧, સૅક્ટર-૩ એ, ગાંધીનગર ખાતેથી મળી શકશે, એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.







કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન કાર્યક્રમનું રવિવારે સવારે આયોજન કરવામાં આવ્યું હતું. સતત આઠમા વર્ષે આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વ વિદ્યાર્થીઓ સાથે પૂર્વ અધ્યાપકોને પણ નોતરવામાં આવ્યા હતા, જેમણે મોટી સંખ્યામાં ભાગ લઈને પરસ્પર પોતાનાં સંભારણાં વાગોળ્યાં હતાં અને કાર્યક્રમને સફળતા બક્ષી હતી. આ નિમિત્તે વર્તમાન વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરીને પૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકોને મનોરંજન પૂરું પાડ્યું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૨.૧૫, ૩.૧૫,
૬.૧૫, ૯.૪૫


**સ્ક્રીન-૩**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ઍરલિફ્ટ
૨.૩૦, ૭.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
સવારે ૧૦.૦૦
વઝીર
રાત્રે ૧૦.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
રોમાંસ કોમ્પ્લીકેટેડ (ગુજ)
૧.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
સવારે ૧૦.૦૦, ૪.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૨.૧૫, ૭.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૪.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૧.૧૫
ઍરલિફ્ટ
રાત્રે ૯.૩૦

## ૨૬ જાન્યુઆરી એ ભારત દેશના ઈતિહાસમાં અગત્યનો દિવસ છે



ભારત ૧૫ ઑગષ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયું, પરંતુ તેનું કાયમી બંધારણ હતું નહીં, તેને બદલે સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા ઍક્ટ, ૧૯૩૫નો અમલ થતો અને ૨૯ ઑગષ્ટ, ૧૯૪૭ના રોજ કાયમી બંધારણની રચના માટે ડૉ. આંબેડકરના વડપણ હેઠળ એક મુસદ્દા સમિતિનું ગઠન કરવામાં આવ્યું. સમિતિ દ્વારા બંધારણનો મુસદ્દો તૈયાર કરીને ૪ નવેમ્બર, ૧૯૪૭ના રોજ બંધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. ૩૦૮ સભ્યોની આ બંધારણ સભાએ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજીમાં હસ્તલિખિત બે નકલો પર હસ્તાક્ષરો કર્યા. બે દિવસ પછી ભારતનું બંધારણ ભારતભૂમિ માટે કાયદાનું સ્વરૂપ પામ્યું. ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી અમલમાં આવ્યું. યુનાઈટેડ કિંગ્ડમના તત્કાલિન પ્રધાનમંત્રી સર ઍન્થોની ઍડને પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું કે 'અત્યાર સુધીની તમામ રાજ્ય પધ્ધતિઓમાં કરવામાં આવેલા તમામ પ્રયોગોને ધ્યાને લેતાં હું માનું છું કે ભારતની સંસદીય લોકશાહીનું સ્વરૂપ સૌથી નિરાળું છે. એક વિશાળ ઉપખંડ દશ હજાર વર્ષ ઉપરાંતની પધ્ધતિને મુક્ત લોકશાહીમાં ફેરવી રહ્યો છે. આ એક હિમ્મતપૂર્વકનો નિર્ણય છે. આ કોઈ આપણી નકલ નથી, પરંતુ વિશાળ હૃદયની તથા મુક્ત વિચારસરણીનો ઉત્તમ નમૂનો છે જે આપણાં સ્વપ્નોમાં પણ આવી નથઈ. જો આ સફળ થાય તો સમગ્ર એશિયા માટે અસિમીત ફાયદો થશે. આ પ્રયોગનું પરિણામ ગમે તે આવે, આપણે સૌએ આ પ્રયોગ કરનાર તમામને બિરદાવવા જોઈએ.'

૨૬ જાન્યુઆરી એ ભારત દેશના ઈતિહાસમાં ઘણો અગત્યનો દિવસ છે. આ દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું અને ભારત ખરા અર્થમાં સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું હતું. આ દિવસે ભારત સંપૂર્ણ લોકતાંત્રિક બન્યું. દેશે મહાત્મા ગાંધી અને હજારો સ્વતંત્રતા સેનાની જેમણે સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું હતું, તેમનું સ્વતંત્ર રાષ્ટ્રનું સ્વપ્ન ફળીભૂત થતું જોયું, ત્યારથી ૨૬ જાન્યુઆરી એ રાષ્ટ્રીય રજા ગણાય છે અને ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે. ખાસ કરીને ભારતની રાજધાની દિલ્હીમાં આ ઉજવણી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર માટેના ઉદ્‌બોધનથી શરૂ થાય છે. આ દિવસની શરૂઆત સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિથી થાય છે. ત્યારબાદ લશ્કરી જવાનોના પરિવારજનોને યુદ્ધમાં સૈનિકોએ દાખવેલ બહાદુરી બદલ ચંદ્રકો એનાયત કરવામાં આવે છે તથા ભારતીય સૈનિકોને પણ પુરસ્કારોથી બિરદાવવામાં આવે છે.

આ અવસરનું મહત્ત્વ દર્શાવવા દર વર્ષે એક ભવ્ય પરેડનું આયોજન નવી દિલ્હીમાં, રાજઘાટથી વિજયપથ સુધી થાય છે. આર્મી, નૌકાદળ અને વાયુસેનાની જુદી જુદી રેજીમેન્ટ એમના અધિકૃત પોષાકમાં સજીધજીને આ પરેડ કરે છે. દેશના અલગ અલગ વિસ્તારોમાંથી ઍનસીસી કૅડેટ્સને પણ આ પરેડમાં ભાગ લેવા આમંત્રણ અપાય છે ને દેશ તરફથી અન્ય દેશોની વિભૂતિઓને મહેમાન તરીકે નોતરવામાં આવે છે. ગત વર્ષે અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ બરાક ઓબામા આ પ્રસંગે અતિથિ તરીકે ઉપસ્થિત હતા અને આજે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઓલાન્દે પધાર્યા છે.

સ્વતંત્રતા મનુષ્યની મૂળભૂત ઝંખના છે, આઝાદી માટે ગમે તેટલી મોંઘી કિંમત ચૂકવવા સૌ તૈયાર થાય છે. જગતનો ઈતિહાસ પણ સાક્ષી છે કે માનવજાતે વધુમાં વધુ બલિદાનો સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે જ આપ્યાં છે. નામી-અનામી અનેક શહીદોના રક્તથી આઝાદીનો ઈતિહાસ લખાયેલો છે, જે સદીઓ સુધી અમર રહેશે.

**- હર્ષદભાઈ શાહ**

# વર્ષે બે દિવસ નહીં, વર્ષભર પણ દેશભક્તિ છલકાવી શકાય

આજે ગણતંત્ર દિવસ. એટલે કે રાષ્ટ્રભક્તિ છલકાવવાનો દિવસ. જોકે આ લેખ લખાઈ રહ્યો છે ત્યારથી જ એટલે કે ગઈકાલથી જ તમારા મોબાઈલ ફોનમાં રહેલા સંપર્કોએ-અસંપર્કોએ દેશભક્તિ છલકાવી જ દીધી હશે અને તમેય એ દેશભક્તિને સન્માનપૂર્વક અન્યને ફોરવર્ડ કરી દીધી હશે. સારું કર્યું.



પણ હજુ વધારે સારું થઈ શકે એમ છે. દેશભક્તિની ભાવના આપણી અંદર છે તો ખરી, પણ એ છલકાય છે માત્ર વર્ષમાં બે દિવસ પૂરતી જ. અને આપણી દેશભક્તિની ભાવનાને અભિવ્યક્ત કરવા માટે આપણે એકબીજાને દેશભક્તિના સંદેશા ફોરવર્ડ કરીએ છીએ, દેશભક્તિનાં ગીતો સાંભળીએ છીએ અને બહુ બહુ તો ટીવીમાં દેશભક્તિનો કાર્યક્રમ કે ફિલ્મ જોઈ લઈએ છીએ. આનાથી વધારે સામાન્ય નાગરિકો દેશભક્તિને અભિવ્યક્ત કરવા માટે કરતા નથી.




હા, એમાં સૈનિકોનું તત્ત્વ હમણાં બે વર્ષથી ઉમેરાયું છે ખરું. સૈનિકોએ આપણા દેશ માટે બહુ મોટું બલિદાન આપ્યું છે, એમને ન ભૂલવા જોઈએ, એમને સન્માન આપવું જોઈએ એ મતલબના સંદેશા વહેતા થયા છે, પરંતુ એ બધુંય મોટાભાગે આ બે દિવસ પૂરતું જ. એ પછી આપણે આપણી રોજિંદી ઘટમાળમાં પડી જઈએ છીએ અને દેશને ભગવાનના ભરોસે છોડી દઈએ છીએ. હકીકતે આપણી દેશ માટે જે ફરજો છે એ નિભાવવા માટે આપણે ૩૬૩ દિવસ ચૂકી જઈએ છીએ અને બે દિવસ માટે દેશભક્તિ છલકાવીને દેશભક્ત હોવાનો આનંદ પ્રાપ્ત કરીએ છીએ.

મારે કહેવું છે એ કે આ બધું ન કરીએ તોય દેશભક્તિ અભિવ્યક્ત કરી શકાય એમ છે.આપણે આપણી ફરજ સમજી આપણું આંગણું, સોસાયટી સ્વચ્છ રાખીએ, કચરો કચરાપેટીમાં જ નાંખીએ તોય દેશની મોટી સેવા કરી ગણાશે. આવાં તો ઘણાં ઉદાહરણો છે, જેના માધ્યમથી દેશભક્તિ ઉજાગર કરી શકાય છે.

### દેશભક્તિ ઉજાગર કરવાના આસાન રસ્તા

- સમયસર અને પૂરતો ટૅક્સ ભરીએ.
- ટ્રાફિકના નિયમોનું પાલન કરીએ ને રોડ આપણા એકલાનો નહીં, સાર્વજનિક છીએ એવું માનીએ, સ્વીકારીએ ને વર્તન પણ કરીએ.
- જાહેર કાર્યને આપણું પોતાનું કાર્ય સમજીને કરીએ.
- ગમે ત્યાં ગંદકી ન કરીએ ને સ્વચ્છતા જાળવીએ.
- વ્યાપાર, ધંધા, વ્યવસાયમાં પ્રામાણિકતા જાળવીએ અને દરેક વ્યાપાર, ધંધા, વ્યવસાય કરનારની સમાજ પ્રત્યે કંઈક ફરજ હોય છે, એ સમજીને એનું પાલન કરવું.
- રસ્તા પર અકસ્માત થાય કે તકરારનો પ્રસંગ ઊભો થાય ત્યારે સામેવાળી વ્યક્તિ પણ આપણી દેશવાસી છે અને એવું સમજી ઝઘડામાં ન ઉતરીએ, જતું કરવાની ભાવના રાખીએ.
- 'સરકાર નક્કામી છે, કંઈ કરતી જ નથી' એવી ભાવના દૂર કરી 'આપણે આપણા સમાજ માટે શું કર્યું ?' એ વિચારીએ અને સમાજ માટે કંઈક કરીએ.
- ધર્મ-નાત-જાતના વાડા દૂર કરીએ અને સઘળા દેશવાસીઓ સાથે સમાન ભાવથી વર્તીએ.
- દેશે આપણા માટે શું કર્યું એ વિચારવાને બદલે આપણે દેશ માટે શું કર્યું એ વિચારીએ અને દેશ માટે જે કંઈપણ કરી શકીએ એ કરીએ.